8. The Borrower(s)/Guarantor(s) are hereby given 15 DAYS SALE NOTICE UNDER THE SARFAESI ACT, 2002 to pay the sum mentioned as above before the date of Auction failing which the immovable property will be auctioned and balance, if any, will be recovered with interest and costs. If the Borrower pays the amount due to Muthoot Homefin (India) Ltd, in full, before the date of sale, auction is liable to be set aside.

For further details, contact the Authorised Officer, at the above mentioned Office address Contact Person- **Vinod Yadav /Kishor Chawda - 9925049399/9687229314**

**Date : January 18, 2025**
**Place: Ahmedabad**

**Sd/- Authorized Officer,**
**Muthoot Homefin (India) Limited**

# અમદાવાદ ડિવિઝનના ૫ રેલ્વે અધિકારીઓ અને ૮ રેલ્વે કર્મચારીઓને વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કારથી સન્માનિત કરાયા




પશ્ચિમ રેલવેના ૬૯મા રેલ્વે સપ્તાહની ઉજવણીના પ્રસંગે વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર (VRSP) ૨૦૨૪નું આયોજન ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ, મુંબઈમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રએ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ પશ્ચિમ રેલવેના ૯૨ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની વિશેષ રેલવે સેવા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. જેમાં અમદાવાદ ડિવિઝનના ૫ અધિકારીઓ અને ૮ રેલ્વે કર્મચારીઓને વર્ષ ૨૦૨૪માં પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ કાર્યક્ષમતા મેડલ અને મેરિટ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહાપ્રબંધક, પશ્ચિમ રેલવે,અમદાવાદ ડિવિઝન દ્વારા જે અધિકારીઓને એવોર્ડ આપવામાં આવ્યા તેમાં શ્રી રાષ્ટ્રદીપ-વરિષ્ઠ મંડળ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, શ્રી અનુરાગ સિંઘ - ડિવિઝનલ ઈલેક્ટ્રિક એન્જિનિયર, શ્રી સૌમિત્ર સિંહા - ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, શ્રી પંકજ તિવારી - ડિવિઝનલ પરિચાલન પ્રબંધક, શ્રી સંજય પૂનમચંદ ચૌધરી - સહાયક સુરક્ષા આયુક્ત અને કર્મચારીઓમાં શ્રી મુકેશ કુમાર બૈરવા - વરિષ્ઠ સેક્શન ઈજનેર, શ્રી નિશાંત અનિલ કુમાર - વરિષ્ઠ સેક્શન ઈજનેર, શ્રી મિહિર. ટાટુ - સિનિયર સેક્શન એન્જિનિયર, શ્રીમતી અંજુ એન ગુલાટી-મુખ્ય કાર્યાલય અધિક્ષક, શ્રી અંજની કુમાર-સિનિયર સેક્શન એન્જિનિયર, શ્રી ઉપેન્દ્ર ત્રિપાઠી - ચીફ લોકો ઈન્સ્પેક્ટર, શ્રી જીગર દિવાનજી - સિનિયર ગુડ્સ ટ્રેન મેનેજર, શ્રી અમિત કુમાર વોરા —મુખ્ય નિયંત્રક સમાવેશ થાય છે. આ એવોર્ડ સમારંભનું આયોજન પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમની મહેનત અને સમર્પણને માન્યતા આપવા માટે દર વર્ષે આયોજીત કરવામાં આવે છે. જે હંમેશા પડકારોનો સામનો કરવા તત્પર રહેછે આવા કુશળ અધિકારીઓ અને કર્મચારીઓમાંથી પસંદગીના કેટલાકને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવે છે.

ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર મેળવનાર અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પોતપોતાના ક્ષેત્રનું કામ પૂર્ણ સમર્પણ અને મહેનતથી કરવા અપીલ કરી છે જેથી વધુને વધુ લોકો આ સેવાનો લાભ લઈ શકે. ડિવિઝનના વધુથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને ડિવિઝનલ, ઝોનલ અને રેલ્વે બોર્ડ કક્ષાએ સન્માન મળવું જોઈએ અને અમદાવાદ ડિવિઝન સતત વિકાસના માર્ગે આગળ વધતું રહે.

# પશુઓના ગોબરમાંથી મનપાએ કમાણીનો પ્લાન બનાવ્યો

અમદાવાદ, અમદાવાદ મહાનગર પાલિકાએ હવે કમાણી માટે એક નવો રસ્તો શોધી લીધો છે. અમદાવાદ પાલિકા હવે પશુઓના છાણમાંથી કમાણી કરશે. આ માટે પાલિકાએ પ્લાન પણ બનાવ્યો છે. ક્રુદ્વષ્ઠ ઢોરવાડામાં રહેલા પશુઓના છાણમાંથી સ્ટિક, છાણા, કોડિયા બનાવી તેનુ બજારમાં વેચાણ કરશે. શહેરમાંથી પકડાયેલા રખડતા ઢોરને જે તે પશુ માલિક છોડાવવા નથી, તેનો નિભાવ અને દેખરેખ મનપા કરે છે ત્યારે આ પશુઓના છાણને વેસ્ટ માંથી બેસ્ટ બનાવી માર્કેટ માં વેચવાનો નિર્ણય કરાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કપરપોરેશનના દાણીલીમડા અને બાકરોલ ઢોરવાડામાં લગભગ ૧૬૦૦થી વધુ પશુઓ છે, જેનાથી દરરોજ લગભગ ૮ ટન જેટલું છાણ એકત્ર થાય છે. તેને છાણ માંથી મશીન વડે છાણ સ્ટીક , છાણની ટીકી , દીવા કરવા માટે કોડિયાં બનાવમાં આવી રહ્યા છે. નોંધનીય છે કે ક્રુદ્વષ્ઠના સ્મશાનમાં જ્યા લાકડાનો ઉપયોગ થાય છે ત્યાં હવે આ કાઉ ડંગ સ્ટીકનો ઉપયોગ કરવામાં આવશે. તો વૈદિક હોળી માટે પણ આ કાઉ ડંગ ટીકી અને સ્ટીકનો ઉપયોગ કરી શકાશે. અત્યાર સુધી ક્રુદ્વષ્ઠ દ્વારા આ વસ્તુઓનો પોતાના સ્મશાન અને વિવિધ મંદિરોમાં દાન આપી વિનામૂલ્યે વપરાશ કરાઈ રહ્યો છે.

# પત્નીનો ચહેરો જોવો પસંદ, કામનો સમય નહીં ગુણવત્તા જરૂરી છે

નવી દિલ્હી, L&Tના ચેરમેન એસએન સુબ્રહ્મણ્યનની અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાની સલાહ પર નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. સોશિયલ મીડિયાથી લઈને સેલિબ્રિટીઝ સુધી, એસએન સુબ્રહ્મણ્યન પર પ્રહાર કરી રહ્યા છે. ત્યારે હવે જાણીતા બેઝનેસમેન મહિન્દ્રા ગ્રુપના ચેરેમન આનંદ મહિન્દ્રાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, તેઓ કામની ક્વોલિટીમાં વિશ્વાસ રાખે છે, ન કે તેની ક્વોન્ટેટીમાં. આનંદ મહિન્દ્રાએ એક સવાલના જવાબમાં કહ્યું કે, હું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર એટલા માટે નથી કે હું એકલો છું. મારી પત્ની ખુબ સારી છે, મને તેને જોવાનું પસંદ છે. હું સોશિયલ મીડિયા પર એટલા માટે છું, કારણ કે આ એક અદભુત બિઝનેસ ટૂલ છે. જણાવી દઈએ કે, સુબ્રહ્મણ્યને વધુમાં વધુ સમય ઓફિસમાં કામ કરવાની વાત કરતા કહ્યું હતું કે, ઘર પર તમે કેટલો સમય પત્નીને જોતા રહેશે.હું નારાયણ મૂર્તિ અને અન્ય લોકોનું ખુબ સન્માન કરું છું. એટલા માટે મને ખોટો ન સમજવો જોઈએ. પરંતુ મારે કંઈક કહેવું છે, મને લાગે છે કે આ ચર્ચા ખોટી દિશામાં જઈ રહી છે. મારું કહેવું છે કે આપણે કામની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, ન કે કામની ક્ષમતા પર. એટલા માટે આ ૪૮, ૪૦ કલાક, ૭૦ કલાક કે ૯૦ કલાક અંગે નથી. તેમણે કહ્યું કે, આ કામ આઉટપુટ પર નિર્ભર છે. જો ૧૦ કલાક પણ કામ હોય તો તમે શું આઉટપુટ આપી રહ્યા છો? તમે ૧૦ કલાકમાં દુનિયા બદલી શકો છો. તેમણે વધુમાં કહ્યું કે, મારું હંમેશાથી માનવું રહ્યું છે કે, કોઈ કંપનીમાં એવા લીડર અને લોકો હોવા જોઈએ જે સમજદારીથી નિર્ણય અને પસંદગી કરે.

# ૨૦૨૪માં ૪.૩૦ લાખ ભારતીયોએ ઓસ્ટ્રેલિયાની મુલાકાત લીધી

અમદાવાદ, ક્રિકેટને લઈને ભારત અને ઓસ્ટ્રેલિયા જેટલા ગાઢ રીતે જોડાયેલા છે તેટલા જ બન્ને દેશના સારા સંબંધોને લઈને જોડાયેલા છે. ભારતમાંથી વર્ષ ૨૦૨૪માં લગભગ ૪.૩૦ લાખ લોકોએ ઓસ્ટ્રેલિયાની મુલાકાત લીધી છે. ભારતમાંથી લોકો અભ્યાસ, ફરવા, ધંધા અને સ્થાયી થવા માટે ઓસ્ટ્રેલિયાને ખાસ પસંદ કરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા ટુરિઝમના કન્ટ્રી મેનેજર નિશાંત કાશીકરે અમદાવાદ ખાતેની મુલાકાત દમિયાન ગુજરાતીઓ ફરવા માટે ઓસ્ટ્રેલિયાનું આમંત્રણ આપ્યું હતું.કાશીકરે જણાવ્યું હતું કે, ટુરિઝમ વિઝા માટે ઓસ્ટ્રેલિયાની પ્રોસેસ ખૂબ જ સરળ છે. તમે ઘરે બેઠા બેઠા ટુરિઝમના વિઝા મેળવી શકો છો. સાથે સાથે ઓસ્ટ્રેલિયા એવો દેશ છે, જ્યાં તમે બારેમાસ ગમે ત્યારે ફરવા જઇ શકો છો. ઓસ્ટ્રેલિયામાં ૧૦ લાખ કરતાં વધુ ભારતીયો વસવાટ કરતા હોવાથી ત્યાં વસતા સ્વજનોને મળવા અને ફરવા માટે ઓસ્ટ્રેલિયા બેસ્ટ ડેસ્ટિનેશન છે.


**SATTRIX INFORMATION SECURITY LIMITED**

**Registered Office :** 28, Damubhai Colony, Bhattha, Paldi, Ahmedabad 380007, Gujarat, India
**Corporate Office :** B- Block, 10th Floor, Office No. 1002-1012, Krish Cubical, Opposite Avalon Hotel, Nr. Govadhan Party Plot, Thaltej, Ahmedabad- 380059, Gujarat, India
**CIN:** U72200GJ2013PLC076845 I **Website :** www.sattrix.com
**E-mail :** info@sattrix.com I **Tel :** +91 79681 96800

**Form PAS-1**
[કંપનીઓ (પ્રોસ્પેક્ટસ અને સિક્યોરિટીઝ ફાળવણી) નિયમો, 2014 ની કલમ 27(1) અને નિયમ 7(2) અનુસાર]
પ્રોસ્પેક્ટસમાં ઉલ્લેખિત કોઈપણ કરારની શરતોમાં ફેરફાર કરવા અથવા પ્રોસ્પેક્ટસ જારી કરવામાં આવેલા ઉદ્દેશ્યોમાં ફેરફાર કરવા માટેના ખાસ ઠરાવની સૂચનાની વિગતો આપતી જાહેરાત.

**કોર્પોરેટ ઓળખ નંબર (CIN) - U72200GJ2013PLC076845**
**કંપનીનું નામ- SATTRIX INFORMATION SECURITY LIMITED**
**રજિસ્ટર્ડ ઓફિસ સરનામું- 28 દમુભાઈ કોલોની, ભઠ્ઠા પાલડી, અમદાવાદ, ગુજરાત, ભારત-380007**

**જાહેર સૂચના**

આથી સૂચના આપવામાં આવે છે કે ૧૬.૦૧.૨૦૨૫ ના રોજના ઠરાવ દ્વારા, બોર્ડે ૨૯.૦૫.૨૦૨૪ ના રોજના પ્રોસ્પેક્ટસમાં ૧૦ રૂપિયા ફેસ વેલ્યુના ૧૮,૦૦,૦૦૦ ઇક્વિટી શેરના ઇશ્યૂના સંદર્ભમાં જે ઉદ્દેશ્ય (ઓ) માટે પ્રોસ્પેક્ટસ જારી કરવામાં આવ્યો હતો તેમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેની કિંમત પ્રતિ ઇક્વિટી શેર રૂ. ૧૨૧/- ની ઇશ્યૂ કિંમતે (પ્રતિ ઇક્વિટી શેર રૂ. ૧૧૧ ના શેર પ્રીમિયમ સહિત) કુલ રૂ. ૨૧૭૮ લાખ થાય છે.
ઉપરોક્ત ઠરાવના અનુસંધાનમાં, વધુમાં સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત દરખાસ્તને મંજૂરી આપવા માટે, પોસ્ટલ બેલેટ દ્વારા એક ખાસ ઠરાવ પસાર કરવાનો છે.

**૧) આવા ફેરફાર/ફેરફાર અંગેની વિગતો નીચે મુજબ છે-**

| વસ્તુઓ | એકત્ર કરેલી રકમ વસ્તુ માટે | વપરાયેલી રકમ ૧૬.૦૧.૨૦૨૫ સુધી |
|---|---|---|
| મૂડી ખર્ચ: (a)અમદાવાદ ખાતે નવી ઓફિસ માટે ફર્નિચર, ફિક્સચર અને એર કન્ડીશનીંગ ખરીદવાના ખર્ચાઓ પૂરા કરવા માટે | 252.00 | 113.45 |
| (a)IT સાધનો, કમ્પ્યુટર હાર્ડવેર, સર્વર, SAN સ્ટોરેજ, CCTV કેમેરા, વિડિયો કોન્ફરન્સિંગ સાધનો, નેટવર્કિંગ (LAN) અને અન્ય સાધનોની ખરીદી અને ઇન્સ્ટોલેશન કરવા માટે | 218.00 | 34.39 |
| (*) વ્યવસાય વિસ્તરણ ખર્ચ : (a) નવી પ્રોડક્ટ અને ટેકનોલોજીનો વિકાસ | 756.00 | 148.18 |
| (b) અન્ય વ્યવસાય વિસ્તરણ ખર્ચ | 212.00 | 98.25 |
| વધારાની કાર્યકારી મૂડીની જરૂરિયાત | 250.00 | 101.43 |
| સામાન્ય કોર્પોરેટ હેતુ | 292.00 | 134.30 |
| ઇશ્યૂ ખર્ચ | 198.00 | 198.00 |
| કુલ આવક | 2178.00 | 828.00 |

(*) કંપની વ્યવસાય વિસ્તરણ ખર્ચ (A) નવા ઉત્પાદન અને ટેકનોલોજીના વિકાસ હેઠળ એકત્ર કરાયેલી વણવપરાયેલી રકમનો ઉપયોગ કરવાની યોજના ધરાવતી નથી અને તેથી, કંપની ઉપરોક્ત ઉદ્દેશ્યની શરતોમાં ફેરફાર કરીને, હાલના ઉદ્દેશ્યના રૂ. ૬૦૭.૮૨ લાખની વણવપરાયેલી રકમ/બાકીની રકમનો ઉપયોગ કાર્યને આઉટસોર્સ કરીને કરવા અને/અથવા ઉપયોગ કરવા માંગે છે.

**૨) પ્રસ્તાવિત ફેરફાર/ફેરફારની વિગતો-**
કંપનીનો હેતુ નવા ઉત્પાદન અને ટેકનોલોજીના વિકાસના કાર્યને આઉટસોર્સ કરીને વ્યવસાય વિસ્તરણ ખર્ચના શીર્ષક હેઠળ ઉલ્લેખિત રૂ. ૬૦૭.૮૨ લાખની બિનઉપયોગી રકમ/બાકીની રકમનો ઉપયોગ કરીને, હાલના ઉદ્દેશ્યની શરતોમાં ફેરફાર કરવાનો છે.

**૩) વિવિધતા માટેના કારણો/વાજબીપણું-**
કંપનીએ પ્રોસ્પેક્ટસમાં દર્શાવેલ નિર્દિષ્ટ માનવશક્તિની ભરતી કરવા માટે સક્રિયપણે પ્રયાસ કર્યો છે. જો કે, જરૂરી કુશળતા ઓળખવા અને પ્રાપ્ત કરવાનું પડકારજનક કાર્ય સમય માંગી લે તેવું સાબિત થયું છે. પ્રક્રિયાને ઝડપી બનાવવા અને સંસાધન ફાળવણીને શ્રેષ્ઠ બનાવવા માટે, કંપની વિકાસ કાર્યને જરૂરી માનવશક્તિ અને તકનીકી જ્ઞાન ધરાવતી વિશિષ્ટ કંપનીને આઉટસોર્સ કરવાનો પ્રસ્તાવ મૂકે છે. આ વ્યૂહાત્મક નિર્ણયનો ઉદ્દેશ પ્રોજેક્ટ સમયરેખાને ઝડપી બનાવવા, ઓપરેશનલ ઓવરહેડ ઘટાડવા અને આખરે નવી પ્રોડક્ટ અને ટેકનોલોજી વિકાસ પહેલની એકંદર કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવાનો છે. બોર્ડ નવી પ્રોડક્ટ અને ટેકનોલોજીના વિકાસ માટે રૂ. ૬૦૭.૮૨ ની બિનઉપયોગી રકમના મુદ્દાના સંદર્ભમાં વિવિધતા મેળવવાનું સમજદારીભર્યું માને છે, જેથી કાર્યને આઉટસોર્સ કરીને ઘરઆંગણે વિકસાવવાને બદલે વિકાસ પ્રક્રિયાને ઝડપી બનાવી શકાય જેથી નિર્દિષ્ટ ચોખ્ખી આવકનો શ્રેષ્ઠ ઉપયોગ થાય અને કંપનીના સભ્યો માટે રોકાણ પર મહત્તમ વળતર મળે અને કંપનીનો ભાવિ વિકાસ સુનિશ્ચિત થાય.

**૪) કંપનીની નાણાકીય સ્થિતિ પર પ્રસ્તાવિત ફેરફાર/ફેરફારની અસર-**
કંપનીના મેનેજમેન્ટનું માનવું છે કે પ્રસ્તાવિત બદલાયેલા/સુધારેલા ઉદ્દેશ્યમાં બિનવપરાયેલી રકમનો ઉપયોગ કર્યા પછી લાંબા ગાળે કંપનીની કમાણી અને રોકડ પ્રવાહમાં સુધારો થશે. કંપનીના મેનેજમેન્ટનું માનવું છે કે ઇશ્યૂના ઉદ્દેશ્યોના સંદર્ભમાં પ્રસ્તાવિત ફેરફાર IPO રકમનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરશે અને સભ્યો માટે રોકાણ પર વળતરને ઝડપી રીતે મહત્તમ બનાવશે.

**૫) નવા ઉદ્દેશ્યોને લગતા મુખ્ય જોખમ પરિબળો**
સરકારી નીતિઓમાં ફેરફાર, નિયંત્રણ ગુમાવવાની શક્યતામાં વધારો, આર્થિક વાતાવરણ, તૃતીય-પક્ષ પર નિર્ભરતા, બૌદ્ધિક સંપદા (IP) જોખમો, પ્રતિભા સંપાદન અને જાળવણી, ગુણવત્તા અને સુરક્ષાની ચિંતાઓ અને ઘટનાઓમાં જાનહાનિ.

**૬) સૂચિત ફેરફાર/ફેરફાર વિરુદ્ધ મતદાન કરનારા ડિરેક્ટરોના નામ**
કંપનીના કોઈપણ ડિરેક્ટરે સૂચિત ફેરફાર/ફેરફાર વિરુદ્ધ મતદાન કર્યું નથી.
કોઈપણ રસ ધરાવનાર વ્યક્તિ cs@sattrix.com પર ઈમેઈલ દ્વારા ખાસ ઠરાવની નકલ, સૂચના અને સ્પષ્ટીકરણ નિવેદન મેળવી શકે છે અથવા તેની નકલ માટે કંપનીની વેબસાઈટ www.sattrix.com ની મુલાકાત લઈ શકે છે. ખાસ ઠરાવની નકલ, સૂચના અને સ્પષ્ટીકરણ નિવેદન સાથે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં પણ મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

માટે, SATTRIX INFORMATION SECURITY LIMITED
Sd/-
સચિન ગજ્જર
(મેનેજિંગ ડિરેક્ટર)
ડીઆઈએન: ०६६८८०१९

તારીખ: ૧૭/૦૧/૨૦૨૫
સ્થળ: અમદાવાદ


# મોદી ભગવાન છે, વિષ્ણુનો ૧૩મો અવતાર : સંજય રાઉત

મુંબઈ, શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે પીએમ નરેન્દ્ર મોદીની 'માનવીય' ટિપ્પણી પર આકરી પ્રતિક્રિયા આપી. સંજય રાઉતને તેમના પહેલા પોડકાસ્ટ દરમિયાન પીએમ મોદીની ટિપ્પણી કે 'તેઓ એક માણસ છે અને ભૂલો કરી શકે છે' વિશે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આના જવાબમાં તેમણે શનિવારે કહ્યું, 'તેઓ (મોદી) ભગવાન છે.' હું તેમને માણસ નથી માનતો. ભગવાન તો ભગવાન છે. જો કોઈ પોતાને અવતારધારી જાહેર કરે તો તે માનવ કેવી રીતે હોઈ શકે? તે વિષ્ણુનો ૧૩મો અવતાર છે. જો કોઈ જેને ભગવાન માનવામાં આવે છે તે કહે કે તે માનવ છે, તો કંઈક ખોટું છે. આમાં રાસાયણિક સમસ્યા છે.સંજય રાઉતે કહ્યું કે તેમનો પક્ષ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એકલા લડશે. પત્રકારો સાથે વાત કરતા, રાજ્યસભાના સભ્યએ કહ્યું કે વિપક્ષી ગઠબંધન ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK) લોકસભા અને વિધાનસભાની ચૂંટણી લડી રહ્યું છે. તેમણે કહ્યું, 'ગઠબંધનમાં, વિવિધ પક્ષોના કાર્યકરોને તકો મળતી નથી અને આ સંગઠનાત્મક વિકાસમાં અવરોધ ઉભો કરે છે.' અમે મુંબઈ, થાણે, નાગપુર અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા પરિષદો અને પંચાયતોની ચૂંટણીઓ એકલા લડીશું. તેમણે કહ્યું કે પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેએ પાર્ટીને સંકેત આપ્યો છે કે તેમણે એકલા ચૂંટણી લડવી જોઈએ. રાજ્ય વિધાનસભામાં MVA ની હાર અંગે આરોપો અને પ્રતિ-આરોપ કરવા બદલ સંજય રાઉતે કોંગ્રેસના નેતા વિજય વાડેટ્ટીવાર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે જે લોકો સર્વસંમતિ અને સમાધાનમાં માનતા નથી તેમને ગઠબંધનમાં રહેવાનો કોઈ અધિકાર નથી. તેમણે દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણી પછી ઈન્ડિયા એલાયન્સે એક પણ બેઠક યોજી નથી. શિવસેના યુબીટી નેતાએ કહ્યું, "અમે ઈન્ડિયા એલાયન્સ માટે કન્વીનરની નિમણૂક પણ કરી શક્યા નહીં. આ બરાબર નથી. ગઠબંધનમાં સૌથી મોટો પક્ષ હોવાથી, બેઠક બોલાવવાની જવાબદારી કોંગ્રેસની છે.

# વરુણ ચક્રવર્તીને ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક મળી શકે છે

નવી દિલ્હી, ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી આવતા મહિને રમાશે. બીસીસીઆઈએ હજુ સુધી આ વૈશ્વિક ટુર્નામેન્ટ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી નથી. રિપોર્ટ અનુસાર, ટીમ ઈન્ડિયાની જાહેરાત ૧૧ જાન્યુઆરીએ કરવામાં આવશે. આ પહેલા પણ ટીમ અંગે અનેક અહેવાલો બહાર આવી રહ્યા છે. તાજેતરના અહેવાલ મુજબ મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીને ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક મળી શકે છે.

તમને જણાવી દઈએ કે ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા, ટીમ ઈન્ડિયા ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની ODI શ્રેણી રમશે. એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી રમનારી ટીમ ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ હશે. સમાચાર છે કે IPL અને T20 ઈન્ટરનેશનલમાં શાનદાર પ્રદર્શન કરનાર વરુણ ચક્રવર્તીને હવે ODI ટીમમાં તક મળી શકે છે.

ટીમની પસંદગી પહેલા, મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીએ સ્થાનિક ODI ટુર્નામેન્ટ વિજય હજારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટુર્નામેન્ટના બીજા પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં, તમિલનાડુ તરફથી રમતા વરુણે રાજસ્થાન સામે ૯ ઓવરમાં ૫૨ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી.

# સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ તરીકે હિમાંજય પાલીવાલે કાર્યભાર સંભાળ્યો

અમદાવાદ, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સંસ્કૃત ભાષાને સંવર્ધન માટે થઈને 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ'ની સંરચના કરવામાં આવી છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર પ્રાણ પ્રતિષ્ઠાની વર્ષગાંઠના શુભ મહૂર્તે તારીખ ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ શ્રી હિમાંજય પાલીવાલે 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ'ના અધ્યક્ષ તરીકે દાયિત્વ સ્વીકાર કર્યું. તેમની સાથે ઉપાધ્યક્ષ તરીકે શ્રી પંકજભાઈ ત્રિવેદી (પાલીતાણા) તેમજ સભ્યો ડૉ. આશિષ જનકરાય દવે, ડૉ. મયુરીબેન ભાટીયા અને ડૉ. અશોકભાઈ જોશીએ પણ દાયિત્વ સ્વીકારવા ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષીય ઉદબોધનમાં હિમાંજય પાલીવાલે જણાવ્યું કે દેવભાષા સંસ્કૃતની સેવા માટે ઈશ્વરે અમોને નિમિત્ત માત્ર બનાવ્યા છે, પરસ્પર સહયોગ અને સહકારથીજ સંસ્કૃતનો સર્વાંગી વિકાસ કરી શકાય. સંસ્કૃત ક્ષેત્રમાં જોડાયેલા? તમામ શિક્ષકો, પ્રાધ્યાપકોનું સંરક્ષણ અને ભારતીય જ્ઞાન પરંપરાના મૂળ સંવાહક સંસ્કૃત પાઠશાળાઓનું સંવર્ધન વિષયો પર વિશેષ ધ્યાન આપવાનું ધ્યેય રહેશે.


**પશ્ચિમ રેલ્વે-વડોદરા ડિવિઝન**
**ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા**
**ટેન્ડર નોટિસ નં.EL/TRS/BRC/2024-25/9**
**તા. 15/01/2025**
**ટેન્ડર નં. ELTRSBRC2425REHABRW9**
**I) કામનું નામ તેના સ્થાન સાથે:** (1) કામ ના સ્કોપ મુજબ તમામ સહાયક મોટર્સનું સમારકામ/પુનર્વસન. (2) P. B. No. 1233/2023-24, WR PB No. 812a સમક્ષ PH-21 હેઠળ પારંપરિક અને 3 ફેઝ લોકોમોટિવ્સ નું મુખ્ય ઓવરહોલિંગ (TOH & IOH) માટે ભાગોની જાળવણી સામે કામના સ્કોપ મુજબ સહાયક મોટર્સનું રીવાઇંડીંગ (ઇલેક્ટ્રિકલ લોકો શેડ, વડોદરા, પશ્ચિમ રેલ્વે). **ii) કામનો અંદાજીત ખર્ચ:** ₹ 2,85,12,148.88/- **iii) જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 2,92,600/- **iv) ટેન્ડર જમા કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર ઈલેક્ટ્રોનિકલી દ્વારા જમા કરવા-તા. **14.02.2025** ના રોજ **15:00** કલાક સુધી અને તા. **14.02.2025** ના રોજ **15:30** કલાક બાદ ખોલાશે. **v)** વેબ સાઇટની વિગતો, નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાય છે: **www.ireps.gov.in** ઇલેક્ટ્રિક લોકો શેડ, નવા યાર્ડ, વડોદરા સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (TRS), ઇલેક્ટ્રિક લોકો શેડ, નવાયાર્ડ, વડોદરા - 390 002 - ગુજરાત
273
અમને લાઇક કરો: facebook.com/WesternRly



**Muthoot Homefin**
**Muthoot Homefin (India) Ltd.**
CIN : U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ : મુથૂટ હોમફીન (ઈન્ડિયા) લિ., ૧૯/ઈ, ધ રૂબી, સેનાપતિ બાપત માર્ગ, તુલસી પાઈપ રોડ, રૂપારેલ કોલેજની પાસે, દાદર પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૦૨૮.
શાખા ઓફિસ : મુથૂટ હોમફીન (ઈન્ડિયા) લિ., પહેલો માળ, સનસ્ટાર હાઉસ, સુવિધા શોપીંગ સેન્ટરની સામે, પરીમલ અન્ડરબ્રીજની પાસે, પારડી, અમદાવાદ - ૩૮૦૦૦૭, ગજરાત.

**પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ)**
**હરાજી કમ વેચાણ ની જાહેર વેચાણ**

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમીટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ - ૨૦૦૨ હેઠળ ઉધાર લેનારા / લેનારાઓ પાસેથી બાકી રકમની વસુલાત માટે અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતો કબજો લેવાના સંદર્ભમાં, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર મંગાવવામાં આવે છે, જે અહીં વર્ણવ્યા મુજબ, **"જેમ છે ત્યાં છે" "જેમ છે ત્યાં છે ત્યાં છે"** જેની વિગતો નીચે આપેલ છે.

| ક્રમ | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ /જામીનદારોનું નામ/ લોન એકાઉન્ટ નં. / શાખા | ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (10% of RP) |
|---|---|---|---|---|---|
| ૧. | સારીકાબેન વિજયભાઈ ઠાકુર, ૦૦૭-૦૦૭૦૧૫૯૮, અમદાવાદ | ૦૫.૦૧.૨૦૨૪ રૂા. ૧૧,૧૪,૪૯૩/- (રૂા. અગિયાર લાખ ચૌદ હજાર ચારસો ત્રાણું પુરા) | બ્લોક નં. ૭૮૨, ૭૮૪, ૭૮૫, ફલેટ નં. એ૧૧/૨૮, બ્લોક નં. કે, એ૧૧, બીજો માળ, ગોકુલ ગેલેક્ષી, રાજગ્રંથ પાર્ટી પ્લોટની પાસે, કઠવાડા, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૩૦. | રૂા. ૮,૫૦,૦૦૦/- (રૂા. આઠ લાખ પચ્ચાસ હજાર પુરા) | રૂા. ૮૫,૦૦૦/- (રૂા. પચ્ચાસી હજાર પુરા) |

૧. હરાજી **"જેમ છે જયાં છે" "જેમ છે જે છે"** ના ધોરણે યોજાઈ રહી છે.
૨. હરાજીના વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોકત રીજનલ ઓફિસ પર ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
૩. મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમીટેડ ના નામે ડીમાન્ડ ડ્રાફટ દ્વારા ચુકવવાપાત્ર ઈએમડી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ / ઓફર સબમીટ કરવાની છેલ્લી **તારીખ : ૩૧.૦૧.૨૦૨૫ ના રોજ બપોરે ૪.૦૦ વાગ્યા** સુધી રીજનલ ઓફિસમાં ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.
૪. **સ્થાવર મિલકતનું નિરીક્ષણ તારીખ : ૩૦.૦૧.૨૦૨૫ ના રોજ બપોરે ૧.૦૦ વાગ્યા થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી છે.**
૫. મિલકતના માટે બિડ / ઓફર હરાજી **ખોલવાની તારીખ : ૦૧.૦૨.૨૦૨૫ ના બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** ઉપરોકત શાખા ઓફિસ સરનામે અધિકૃત અધિકારી દ્વારા છે.
૬. MHIL કોઈપણ બાકી કાનુની નોટીસ અને બોજો / કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને તેમની રકમ ચુકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદીની રહેશે. ઈચ્છુક બોલી લગાવનાર વ્યકિતએ મિલકતનો બોજો ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને પોતાને પણ નિરીક્ષણ અને સંતોષ કરવો જોઈએ.
૭. સૌથી વધુ બોલી લગાવનાર વ્યકિત MHIL લિમીટેડની મંજુરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર / બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
૮. ઉધારકર્તા / જામીનદારોને સરફેસી એકટ - ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ સુચના આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોકત રકમ ચુકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવાની આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસુલ કરવામાં આવશે. જો ઉધારકર્તા મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ રકમ ચુકવી દે, તો હરાજી અલગ રાખવામાં આવશે.

**વધુ વિગતો માટે, ઉપરોકત કાર્યાલયને સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો, સંપર્ક વ્યકિત :- વિનોદ યાદવ / કિશોર ચાવડા : ૯૯૨૫૦૪૯૩૯૯ / ૯૬૮૭૨૨૯૩૧૪.**

તારીખ : ૧૮.૦૧.૨૦૨૫
સ્થળ : અમદાવાદ
સહી/-,
અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફીન (ઈન્ડિયા) લિમીટેડ



**શ્રીરામ ફાઇનાન્સ લીમીટેડ**
SHRIRAM Finance
SHRIRAM City — MONEY WHEN YOU NEED IT MOST

મુખ્ય કાર્યાલય : લેવલ-૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ સી-૨ બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૫૧; ટેલિફોન : ૦૨૨ ૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨ ૪૦૬૦ ૩૧૦૦; વેબસાઈટ : http://www.shriramfinance.in રજિસ્ટર્ડ ઑફિસ : શ્રી ટાવર્સ, પ્લોટ નં. ૧૪એ, સાઉથ ફેઝ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ ૬૦૦ ૦૩૨. શાખા ઓફિસ : ઓફિસ નંબર-૧૧૦૫ અને ૧૧૦૬, શ્રીધર એથેન્સ, ૧૧મા માળની નજીક ઝાંસીની રાણીના પૂતળા પાસે, નેહરૂ નગર, અમદાવાદ-૩૮૦૦૧૫.

**પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૫) અને ૯(૧)ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટે હરાજીની સૂચના**

નોંધ : એ જાણ કરવામાં આવે છે કે એનસીએલટી, ચેન્નાઈના આદેશ મુજબ 'શ્રીરામ સિટી યુનિયન ફાઈનાન્સ લિમિટેડ' ને 'શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લિમિટેડ' સાથે જોડવામાં આવ્યું છે. ત્યારબાદ 'શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લિમિટેડ' નું નામ બદલીને 'શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડ' તરીકે ૩૦.૧૧.૨૦૨૨ થી ૩૦૧૧૨૦૨૨ ના નામમાં ફેરફારને અનુસંધાનમાં નિવેશ પ્રમાણપત્ર દ્વારા ભાવિત કરવામાં આવ્યું હતું.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની ઈઓક્શન નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૯(૧)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર/ઓ અને બાંયધરી આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ ફાયનાન્સ લિમિટેડ પાસે ગીરો/ચાર્જ કરેલ છે. શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ સિટી યુનિયન ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું) ના અધિકૃત અધિકારી દ્વારા ભૌતિક કબજો લેવામાં આવ્યો છે તે 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ' અને 'જે છે તે' પર વેચવામાં આવશે. ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ થી ૧ વાગ્યાની વચ્ચે શ્રીરામ ફાયનાન્સ લિમિટેડ પાસેથી બાકી રકમની વસૂલાત માટે ઈઓક્શનના આધારે ઋણ લેનાર/ઓ અને બાંયધરી આપનાર, કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ, ઋણ લેનાર/ઓ અને બાંયધરી આપનાર/ની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટૂંકું વર્ણન અને તેના પર જાણીતી બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનું થાપણ અને વધારો આ રીતે પણ આપવામાં આવે છે :

| દેવાદારોનું નામ / સહ દેવાદારો બાંહેધરી આપનાર / ગીરો મૂકનાર | ૧૩(૨)ની ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | અનામત કિંમત (રૂ.) અને બિડ વધારો | અર્નેસ્ટ મની તારીખ અને ડિપોઝિટ વિગતો (ઈએમડી) વિગતો | હરાજીની તારીખ અને સમય | સંપર્ક વ્યક્તિ અને નિરીક્ષણ તારીખ |
|---|---|---|---|---|---|
| ૧) ફાલ્ગુની એન્ટરપ્રાઈઝ પ્રોપ. દિનેશ કાસુન્દ્રા) (ઉધાર લેનાર) પ્લોટ નંબર-૨, હરિભાઈની વાડી, જીઆઈડીસી-૧ જામનગર-૩૬૧૦૦૪ ૨) દિનેશ કાસુન્દ્રા (સહ ઉધાર લેનાર/જામીનદાર) શ્રીરામ એપાર્ટમેન્ટ, ૩ શિવમ સોસાયટી, એરફોર્સ, જામનગર, ગુજરાત, ૩૬૧૦૦૧ ૩) કાસુન્દ્રા રંજન ડી (સહ ઉધાર લેનાર/જામીનદાર) શ્રીરામ એપાર્ટમેન્ટ, ૩ શિવમ સોસાયટી, એરફોર્સ, જામનગર, ગુજરાત, ૩૬૧૦૦૧ ૪) કેશવજીભાઈ દેવજીભાઈ કાસુન્દ્રા (સહ ઉધાર લેનાર/જામીનદાર) શિવમ સોસાયટી, પ્લોટ નંબર ૨૩ સી, શિવ રજની, જામનગર, ગુજરાત, ૩૬૧૦૦૧ — કબજાની તારીખ અને કબજાનો પ્રકાર: ૧૫-૧૦-૨૦૨૪ - ભૌતિક કબજો — બોજો જાણીતો: ખબર નથી | રૂ. ૪૫,૩૬,૬૦૭/ (રૂપિયા પિસ્તાલીસ લાખ છત્રીસ હજાર છસો સાત માત્ર) લોનના સંદર્ભ હેઠળ ૨૧-૧૦-૨૦૨૧ના રોજ એકાઉન્ટ નંબર RSJAMTF180530 ડિમાન્ડ નોટિસની તારીખ : ૨૧-૧૦-૨૦૨૧ | રૂ. ૩૫,૭૫,૦૦૦/ (રૂપિયા પાંત્રીસ લાખ સિત્તેર હજાર માત્ર) બિડ વધારો રૂ. ૨૫,૦૦૦/- અને આવા ગુણાંક — અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) (રૂ.): રૂ. ૩,૫૭,૫૦૦/ (રૂપિયા ત્રણ લાખ સુડતાલીસ હજાર પાંચસો ) ઈએમડી સબમિશન કરવાની છેલ્લી તારીખ : ૦૩-૦૨-૨૦૨૫, સમય સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી. | ઉલ્લેખિત ખાતાની વિગતોમાં આરટીજીએસ/એનઈએફટી દ્વારા ઈએમડી રકમ જમા કરવાની રહેશે અહીં નીચે: બેંકનું નામ- એક્સિસ બેંક લિમિટેડ શાખા - ડો. રાધાકૃષ્ણન સલાઈ, માયલાપોર, ચેન્નાઈ બેંક એકાઉન્ટ નંબર- કરન્ટ એકાઉન્ટ નંબર ૦૦૬૦૧૦૨૦૦૦૬૭ ૪૪૯ આઈએફસી કોડ - UTIB0000006 | ૦૫ ફેબ્રુ., ૨૦૨૫ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરના ૦૧.૦૦ વાગ્યા સુધી | શ્રી નિલેશ પરમાર - + ૯૧ ૯૯૨૫૨૪૫ ૩૭૩ શ્રી દેબ જ્યોતિ રોય + ૯૧ ૯૮૭૪૭૦ ૨૦૨૧ મિલકત નિરીક્ષણ તારીખ : ૦૩, ફેબ્રુઆરી, ૨૦૨૫, સમય : સવારે ૧૧.૦૦ થી બપોરના ૦૪.૦૦ |

**મિલકતનું વર્ણન**
જામનગર શહેરમાં જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં એરફોર્સ-II પાછળ મૂળરૂપે આર.એસ. નં. ૧૪૬૮ પૈકી માપનની જમીન ૭૦૩૮૮૬ ચો. મીટર. કમિશનર જામનગરે લેઆઉટ પ્લાનને મંજૂરી આપી છે અને કલેકટર જામનગરે બિનખેતીમાં રૂપાંતરિત કરી છે અને લેઆઉટ પ્લાન મુજબ આ જમીનને ૧ થી ૪૦ રહેઠાણના પ્લોટમાં વહેંચવામાં આવી છે. આ પ્લોટ પૈકી, પ્લોટ નં. ૨૨ અને ૨૩ને જામનગર મહાનગરપાલિકાના આદેશથી ભેગા કરવામાં આવ્યા હતા અને નવા પ્લોટ નંબર ૨૩ અને નવા પ્લોટ નંબર ૨૩ને ૩ પેટા પ્લોટ સબ પ્લોટ નં. ૨૩/એ થી ૨૩/સી માં સબ પ્લોટ આપવામાં આવ્યો હતો. આ પ્લોટ પૈકી વોર્ડ નં. ૧૫ની શીટ નં. ૩૯૫માં બાંધકામ ધરાવતા સિટી સર્વે નં. ૫૮૯૮/ડી/૨૨/૧ સાથે ૬૩-૧૦ ચોરસ મીટરના વિસ્તારના પ્લોટ નં. ૨૨-૨૩/સી.
સીમાની વિગતો : ઉત્તર : ૭-૫૦ મીટર પહોળો રસ્તો આવેલો છે, દક્ષિણ: પ્લોટ નંબર ૨૪ સ્થિત છે, પૂર્વ : પ્લોટ નંબર ૨૨-૨૩/બી સ્થિત છે, પશ્ચિમ : પડતર જમીન આવેલી છે

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ કલમ (૫) અને નિયમ ૯ કલમ (૧) હેઠળ વૈધાનિક ૧૫ દિવસની સૂચના
ઉધાર લેનારા/ગીરો/જામીનદારોને આથી ઉપરોક્ત મુજબની રકમ ઈઓક્શનની તારીખ એટલે કે ૦૫/૦૨/૨૦૨૫ પહેલાં અપ ટુ ડેટેડ વ્યાજ અને આનુષંગિક ખર્ચાઓ સાથે ચૂકવવા માટે સૂચિત કરવામાં આવે છે, જો તેમ કરવામાં નહીં આવે તો મિલકતની હરાજી/વેચવામાં આવશે અને બાકી રહેશે. બાકી લેણાં, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. ઓનલાઈન હરાજી અમારી થર્ડ પાર્ટી ઓકશન એજન્સી SHRIRAM AUTO MALL INDIA LTD ની વેબસાઈટ ((https://www.samil.in)) પર હાથ ધરવામાં આવશે અને ટેન્ડર સબમિશનના સ્થળ માટે/ બિડ ફોર્મ મેળવવા માટે/ ટેન્ડર ખોલવા અને હરાજી કરવા માટે, કૃપા કરીને વેબસાઈટ https://www.samil.in ની મુલાકાત લો અને વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને લિંકનો સંદર્ભ લો https:// kalam.shriramfinance.in શ્રીરામ ફાયનાન્સ લિમિટેડની વેબસાઈટમાં આપવામાં આવેલ છે.

સ્થળ : જામનગર
તારીખ : ૧૮-૦૧-૨૦૨૫
સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ ફાયનાન્સ લિમિટેડ